GJBH030082302024

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ : | ૧૬ | ૦૮ | ૨૦૨૪ |
| નિકાલ તારીખ : | ૨૩ | ૦૬ | ૨૦૨૬ |
| સમય અવધિ : | વર્ષ | માસ | દિવસ |
| | ૦૧ | ૧૦ | ૦૭ |

## ક્રિમીનલ મેન્યુઅલના નિયમ રૂલ–૧૭૯(એ) અન્વયે જજમેન્ટ

## FORM - A

| અંકલેશ્વરના મહે.બીજા અધિક ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટશ્રી ની કોર્ટમાં<br>આંક:–<br>(જજમેન્ટ તારીખ– ૨૩/૦૬/ ૨૦૨૬)<br>ક્રિમીનલ કેસ નં– ૩૯૩૨/૨૦૨૪<br>(અંકલેશ્વર શહેર એ ડીવીઝન પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૯૦૦૪૨૪૦૫૬૨/૨૦૨૪)<br>બી.એન.એસ.કલમ–૧૧૫(૨),૩૫૨, ૩૫૧(૨) મુજબ. | |
|---|---|
| **ફરીયાદી:–** | **શ્રી સરકાર.<br>(મૂળ ફરીયાદી–વિકાસભાઈ વિરમભાઈ વસાવા** |
| ફરીયાદપક્ષ તરફે :– | વિ. એડીશ્નલ પબ્લીક પ્રોશીકયુટર<br>શ્રી કે.એલ.દેસાઈ |
| **આરોપી:–** | **યશભાઈ હસમુખભાઈ ઉર્ફે અશોક વસાવા**<br>રહે.ગુજરાત ગેસ કંપની પાસે, સુરતી ભાગોળ અંકલેશ્વર શહેર તા.અંકલેશ્વર જી.ભરૂચ. |
| ફરીયાદી તરફે :– | વિદઘવાન એ.પી.પી.શ્રી. કે.એલ.દેસાઇ |
| આરોપી તરફે:– | વિદઘવાન વકીલ શ્રી બી.એચ.સૈયદ |

## FORM - B

| | |
|---|---|
| ગુનો બન્યાની તારીખ– | ૦૪/૦૭/૨૦૨૪ |
| એફ.આઈ.આર.તારીખ– | ૦૪/૦૭/૨૦૨૪ |
| ચાર્જશીટ કર્યા તારીખ– | ૧૪/૦૮/૨૦૨૪ |
| તહોમતનામુ ફરમાવ્યા તારીખ– | ૨૪/૧૦/૨૦૨૪ |

| | |
|---|---|
| પુરાવો નોંધવાની શરૂઆત કર્યા તારીખ– | ૧૭/૦૧/૨૦૨૫ |
| ચુકાદો અનામત રાખ્યા તારીખ– | ૨૩/૦૬/૨૦૨૬ |
| ચુકાદા તારીખ– | ૨૩/૦૬/૨૦૨૬ |
| સજાનો હુકમ ફરમાવ્યા તારીખ,જો હોય તો | ---------- |

**–::આરોપીની વિગત::–**

| આરોપીનો રેન્ક | આરોપીનું નામ | ધરપકડ કર્યા તારીખ | જામીન મુકત કર્યા તારીખ | આરોપી ઓ સામેના ગુનાનુ તહોમત | નિર્દોષ કે દોષિત. | ફરમાવેલ સજા. | ક્રિ.પ્રો. કો. કલમ– ૪૨૮ અન્વયે ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન અટકાયત મા પસાર કરેલ સમય. |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | યશભાઇ હસમુખભાઇ ઉર્ફે અશોક વસાવા | ---- | ---- | બી.એન.એસ. કલમ– ૧૧૫(૨),૩૫૨, ૩૫૧(૨) મુજબ. | નિર્દોષ | – | લાગુ પડતુ નથી. |

## FORM - C

**ફરીયાદપક્ષે/બચાવપક્ષે/કોર્ટના સાહેદોનું લીસ્ટ:–**

**<u>એ – ફરીયાદપક્ષે સાહેદોનું લીસ્ટ:–</u>**

| ક્રમ | સાહેદનું નામ | આંક | સાહેદનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | વિકાસ વિરમભાઇ વસાવા | ૦૬ | ફરીયાદી |
| ૨ | રાજુભાઇ મંગુભાઇ વસાવા | ૦૮ | પંચ સાહેદ |
| ૩ | જયંતીભાઇ મોતીભાઇ વસાવા | ૧૦ | પંચ સાહેદ |
| ૪ | વિરમભાઇ ઉમેદભાઇ વસાવા | ૧૧ | સાહેદ |

| | | | |
|---|---|---|---|
| ૫ | મેહુલભાઈ હસમુખભાઈ વસાવા | ૧૨ | સાહેદ |
| ૬ | મિતેષભાઈ રમેશભાઈ વસાવા | ૧૩ | સાહેદ |
| ૭ | ડોકટર અજીતકુમાર રામઆશીષ સીંગ | ૧૪ | સાહેદ |
| ૮ | માવજીભાઈ નાગજીભાઈ | ૧૬ | ત.ક.અમલદાર |

**બી – બચાવપક્ષે સાહેદોનું લીસ્ટઃ–**

| ક્રમ | સાહેદનું નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|
| –– | –––– | ––– |

**સી – કોર્ટ સાહેદોનું લીસ્ટઃ–**

| ક્રમ | સાહેદનું નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|
| –– | –––– | ––– |

**ફરીયાદપક્ષે/બચાવપક્ષે/કોર્ટ ના દસ્તાવેજી પુરાવાનું લીસ્ટઃ–**

**એ – ફરીયાદપક્ષે દસ્તાવેજી પુરાવાનું લીસ્ટઃ–**

| ક્રમ | આંક | દસ્તાવેજ નું વર્ણન |
|---|---|---|
| ૧ | ૦૭ | ફરીયાદની નકલ |
| ૨ | ૦૯ | ગુનાવાળી જગ્યાનુ પંચનામું |
| ૩ | ૧૫ | મેડીકલ સર્ટીફીકેટ |
| ૪ | ૧૭ | ગુનો રજી.કરવા અંગેની યાદી |
| ૫ | ૧૮ | ડેપ્યુટ હુકમ |

**બી– બચાવપક્ષે દસ્તાવેજી પુરાવાનું લીસ્ટઃ–**

| ક્રમ | આંક | દસ્તાવેજ નું વર્ણન |
|---|---|---|
| –– | ––– | ––– |

**સી – કોર્ટ તરફે દસ્તાવેજી પુરાવાનું લીસ્ટઃ–**

| ક્રમ | આંક | દસ્તાવેજ નું વર્ણન |
|---|---|---|
| –– | ––– | ––– |

**–::ચુ કા દો ::–**

**કેસની ટુંકી વિગત:–**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદીની સગાઈ સોનલ સાથે થયેલ તે આરોપી યશને ગમતુ ન હોય જે બાબતે આરોપી ફરીયાદી સાથે અગાઉ પણ બોલાચાલી થયેલ તેની રીસ રાખી તા.૦૪/૦૭/૨૦૨૪ના આશરે સાતેક વાગ્યાના અરસામાં ફરીયાદી તેના સાળાને શ્વાસની બિમારી હોવાથી તેને દવાખાને લઈ ગયેલ તે દરમ્યાન આ કામના આરોપી સંજીવની દવાખાને ગુજરાત હાઉસીંગ બોર્ડ ખાતે આવી ફરીયાદી સાથે ગાળાગાળી કરી ઝપાઝપી કરી ફરીયાદીને કપાળના ભાગે આરોપીએ તેના હાથમાં રહેલ મો.સા.ની ચાવી મારી કપાળના ભાગેથી લોહી કાઢી નાખી હવે તુ બીજી વાર મલશે તો તને જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી ગુનો કરી બી.એન.એસ.કલમ–૧૧૫(૨),૩૫૨, ૩૫૧(૨) મુજબનો ગુનો કરેલ હોય, તે અંગેની ફરીયાદ સબંધિત પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપતા તેના આધારે પોલીસ તપાસના અંતે આરોપી વિરુઘ્ધ પુરતો પુરાવો જણાતા ઉપરોકત ગુન્હા સબબ હાલનું ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે

(૨) આરોપીઓ સામે ઉપરોકત ગુન્હાનું સંજ્ઞાન લઈ, સમન્સ કરવામાં આવતા આરોપીઓ કોર્ટ સમક્ષ ઉપસ્થિત થતા, આરોપીઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ –૨૩૦ મુજબ ચાર્જશીટ તથા પોલીસ પેપર્સની નકલો વિના મૂલ્યે મળી ગયાની ખાત્રી કર્યા બાદ, આરોપીઓ વિરૂઘ્ધ આંક–૩થી તહોમતનામું ફરમાવી, આરોપીઓની આંક–૪થી પ્લી રેકર્ડ કરવામાં આવતા અને તેમા આરોપીઓએ ગુનો કબુલ હોવાનો ઈન્કાર કરતા કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ફરીયાદ પક્ષે તેની તકરારોના સમર્થનમાં નીચે મુજબના મૌખીક તથા દસ્તાવેજી પુરાવા રજુ રાખેલ છે.

**મૌખીક પુરાવા**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી વિકાસ વિરમભાઈ વસાવા ની જુબાની | ૦૬ |
| ૨ | પંચ સાહેદ રાજુભાઈ મંગુભાઈ વસાવાની જુબાની | ૦૮ |
| ૩ | પંચ સાહેદ જયંતીભાઈ મોતીભાઈ વસાવાની જુબાની | ૧૦ |
| ૪ | સાહેદ વિરમભાઈ ઉમેદભાઈ વસાવાની જુબાની | ૧૧ |
| ૫ | સાહેદ મેહુલભાઈ હસમુખભાઈ વસાવાની જુબાની | ૧૨ |
| ૬ | સાહેદ મિતેષભાઈ રમેશભાઈ વસાવાની જુબાની | ૧૩ |
| ૭ | સાહેદ ડોકટર અજીતકુમાર રામઆશીષ સીંગની જુબાની | ૧૪ |
| ૮ | ત.ક.અમલદાર માવજીભાઈ નાગજીભાઈની જુબાની | ૧૬ |

**દસ્તાવેજી પુરાવા**

| | | |
|---|---|---|
| ૧ | ફરીયાદની નકલ | ૦૭ |
| ૨ | ગુનાવાળી જગ્યાનુ પંચનામું | ૦૯ |
| ૩ | મેડીકલ સર્ટીફીકેટ | ૧૫ |
| ૪ | ગુનો રજી.કરવા અંગેની યાદી | ૧૭ |
| ૫ | ડેપ્યુટ હુકમ | ૧૮ |

(૪) ઉપરોકત મુજબનો પુરાવો રજુ થયા બાદ આ કામે ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ પુરાવા અન્વયે આરોપીનું બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ અન્વયે નોંધવુ જરૂરી જણાતુ હોય આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. ત્યારબાદ ફરીયાદ પક્ષ તરફે વિ. એ .પી .પી. શ્રીની તથા આરોપી

તરફે વિ.વ.શ્રી ની મૌખિક દલીલો  સાંભળી.

**(૫)** સબબ, ઉપરોકત હકીકતે આ કેસના આખરી નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે:–

**–:: મુ દા ઓ ::–**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબીત કરે છે કે,  આ કામના ફરીયાદીની સગાઈ સોનલ સાથે થયેલ તે આરોપી યશને ગમતુ ન હોય જે બાબતે આરોપી ફરીયાદી સાથે અગાઉ પણ બોલાચાલી થયેલ તેની રીસ રાખી તા.૦૪/૦૭/૨૦૨૪ના આશરે સાતેક વાગ્યાના અરસામાં ફરીયાદી તેના સાળાને શ્વાસની બિમારી હોવાથી તેને દવાખાને લઈ ગયેલ તે દરમ્યાન આ કામના આરોપી સં જીવની દવાખાને ગુજરાત હાઉસીંગ બોર્ડ ખાતે આવી ફરીયાદી સાથે ગાળાગાળી કરી ઝપાઝપી કરી ફરીયાદીને કપાળના ભાગે આરોપીએ તેના હાથમાં રહેલ મો.સા.ની ચાવી મારી કપાળના ભાગેથી  લોહી કાઢી નાખી હવે તુ બીજી વાર મલશે તો તને જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી ગુનો કરી બી.એન.એસ. કલમ–૧૧૫(૨),૩૫૨, ૩૫૧(૨)  મુજબનો સજાને પાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ

**(૬)** ઉપરોકત મુદાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારાત્મક,

(૨) આખરી હુકમ મુજબ.

(૭) ઉપરોકત મુદાઓના નિર્ણયના મારા કારણો નીચે મુજબ છે.

**–:: કા ર ણો ::–**

**મુદા નં. ૧:–**

(૮) ફરીયાદપક્ષે આંક–૬થી ફરીયાદી વિકાસ વિરમભાઈ વસાવાને તપાસેલ છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, બનાવ આજથી ચાર પાંચ મહિના પહેલા બનેલ હતો. બનાવના દિવસે મારા સાળા મેહુલભાઈ વસાવાને શ્વાસની બીમારી હોવાથી ગુજરાત હાઉસીંગ બોર્ડ ખાતે આવેલ સંજીવની દવાખાને દવા લેવા માટે લઈ ગયેલ હતો અને હું બહાર મારી બાઈક ઉપર બેઠેલો હતો અને ત્યાં કોર્ટમાં હાજર યશ બાઈક લઈને આવેલો અને મને જાનથી મારી નાખવાની ધમકી આપતો હતો અને કહેતો હતો કે બીજીવાર મળતો નહી તે વખતે આ યશે મને તેની બાઈકની ચાવી આંખ ઉપર કપાળના ભાગે ડાબી બાજુ મારી દીધેલ જેથી મને લોહી નીકળવા લાગેલ અને ત્યારબાદ હુ તથા મારા પિતા તથા મારો સાળો તથા મારો ભાઈ મિતેષ ત્યાં આવી ગયેલો અને અમે પોલીસ સ્ટેશન ફરીયાદ કરવા માટે ગયેલા ત્યાં પોલીસે સારવાર કરાવવા માટે દવાખાને જવાનુ કહેતા પટેલ મલ્ટીસ્પેશીયાલીટી હોસ્પીટલમાં સારવાર માટે ગયેલા અને ત્યાં મને ત્રણ દિવસ માટે દાખલ કરેલ હતો અને પોલીસ દવાખાનામાં આવેલી અને મારી ફરીયાદ લીધેલી. જે ફરીયાદ મને બતાવવામાં આવે છે. જેમાં મારી સહી છે જેને ઓળખી બતાવી છુ. જેને રજુ દાખલ આંક–૦૭ આપવામાં આવે છે. આ બનાવ બનવાનુ કારણ મને ખબર નથી. આરોપી કોર્ટમાં હાજર છે. જોયેથી ઓળખુ છુ. આ સિવાય બીજુ કંઈ બનેલ નથી.

બચાવપક્ષે આરોપીના વિ.વ.શ્રીએ કરેલ ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વિકાર કરેલો છે કે, એ વાત ખરી છે કે હુ આજે પણ સુરતી ભાગોળ મુકામે ફરીયાદમાં જણાવેલ સરનામે રહુ છુ અને ત્યાંથી આવેલ છુ. એ વાત ખરી છે કે આ બનાવ બન્યા બાદ પણ હુ મારુ રોજીદુ કામ સરળતાથી કરુ છુ. એ વાત ખરી છે કે યશ મારો સાઢુભાઈ થાય છે.

એ વાત ખરી છે કે મારી પત્ની અને યશની પત્ની વચ્ચે તકરાર ચાલે છે. એ વાત ખરી છે કે હુ બાઈક પરથી પડી ગયેલો તેથી મને વાગેલુ હતુ.

(૯) ફરીયાદપક્ષે આંક–૮ થી પંચ સાહેદ રાજુભાઈ મંગુભાઈ વસાવાને તપાસેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૦૫/૦૭/૨૪ ના રોજ પોલીસે મને અંકલેશ્વર હાઉસીંગ બોર્ડ પાસે આવેલ સંજીવની હોસ્પિટલ પાસે હાજર થવાનુ કહેતા હુ ત્યા હાજર થયેલો મને એક પંચનામુ કરવાનુ હોય ત્યા હાજર રહેવાનુ કહેલુ તે જગ્યાએ વિકાસ વિરમનો બીજો એક ભાઈ સાથે ઝઘડો થયેલ હોય તે જગ્યાનું પંચનામું કરવાનુ હોય ત્યા હાજર થયેલો અને તે આજુબાજુની જગ્યા કઈ આવેલી છે અને રસ્તો કયા જાય છે તેવી કોઈ વિગત મે લખાવેલી નથી. પોલીસે મને સહી કરવાનુ કહેતા મે સહી કરેલી જે તા.૦૫/૦૭/૨૦૨૪ ના રોજનુ પંચનામુ મને આજરોજ બતાવવામાં આવે છે જેમા પંચ નં.૧ તરીકે મારી સહી છે જે ઓળખી બતાવી રજુ દાખલ આંક–૯ આપવામાં આવે છે. સદર પંચ સાહેદને વિ.એ.પી.પી.શ્રી દવારા ફરી ગયેલ જાહેર કરી ઉલટ તપાસ કરવાછતા તેઓએ પંચનામાની વિગતોને સમર્થન આપેલ નથી.

બચાવપક્ષે આરોપીના વિ.વ.શ્રીએ કરેલ ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વિકાર કરેલો છે કે,એ વાત ખરી છે કે આ કામના ફરીયાદી મારો ભાણો થાય છે. એ વાત ખરી છે કે મે ફકત પંચનામામા સહી કરેલ હતી.

(૧૦) ફરીયાદપક્ષે આંક–૧૦ થી પંચ સાહેદ જયંતીભાઈ મોતીભાઈ વસાવાને તપાસેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, તા.૦૫/૦૭/૨૪ ના રોજ પોલીસે મને અંકલેશ્વર હાઉસીંગ બોર્ડ પાસે આવેલ સંજીવની હોસ્પિટલ પાસે હાજર થવાનુ કહેતા હુ ત્યા હાજર થયેલો મને એક પંચનામુ કરવાનુ હોય ત્યા હાજર રહેવાનુ કહેલુ તે જગ્યાએ વિકાસ વિરમનો બીજો એક ભાઈ સાથે ઝઘડો થયેલ હોય તે જગ્યાનું પંચનામું

કરવાનુ હોય ત્યા હાજર થયેલો અને તે આજુબાજુની જગ્યા કઈ આવેલી છે અને રસ્તો કયા જાય છે તેવી કોઈ વિગત મે લખાવેલી નથી. પોલીસે મને સહી કરવાનુ કહેતા મે સહી કરેલી જે તા.૦૫/૦૭/૨૦૨૪ ના રોજનુ આંક–૯ વાળુ પંચનામુ મને આજરોજ બતાવવામાં આવે છે જેમા પંચ નં.૨ તરીકે મારી સહી છે જે ઓળખી બતાવુ છું. સદર પંચ સાહેદને વિ.એ.પી.પી.શ્રી દવારા ફરી ગયેલ જાહેર કરી ઉલટ તપાસ કરવાછતા તેઓએ પંચનામાની વિગતોને સમર્થન આપેલ નથી.

બચાવપક્ષે આરોપીના વિ.વ.શ્રીએ કરેલ ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વિકાર કરેલો છે કે, એ વાત ખરી છે કે મે ફકત તૈયાર પંચનામામા સહી કરેલ હતી.

**(૧૧)** ફરીયાદપક્ષે આંક–૧૧થી સાહેદ વિરમભાઈ ઉમેદભાઈ વસાવાને તપાસેલ છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, બનાવ આશરે ૫ થી ૬ માસ પહેલા બનેલો હતો અને બનાવના અરસામાં હું મારા ઘરે હતો. બનાવના દિવસે મારા છોકરાનો વિકાસનો મારા પર સાંજના આશરે ૬:૪૫ કલાકે ફોન આવેલો અને મને જણાવેલ મને ચશે મારેલ છે અને હું સંજીવની હોસ્પીટલ મારા સાળાને લઈને આવેલ છુ ત્યાં છુ જેથી હુ સંજીવની હોસ્પીટલ પાસે ગયેલો ત્યાં જઈને જોયેલ તો મારા દિકરા વિકાસને જમણી આંખના ઉપરના ભાગે ઈજા થયેલ હતી અને લોહી નીકળતુ હતુ જેથી મે મારા દિકરા વિકાસને બનાવ કઈ રીતે બનેલો તે બાબતે પુછતા મને જણાવેલ કે મારો સાળો દવાખાનામાં હતો અને હુ મારી બાઈક ઉપર બેસેલ હતો ત્યારે ચશે આવીને મને ગાડીની ચાવી મારી દીધેલ હતી. જેથી હુ મારા દિકરાને પોલીસ સ્ટેશને લઈ ગયેલો જ્યાંથી પ્રથમ સારવાર કરાવવાનુ જણાવતા મારા દિકરાને સારવાર કરાવવા પટેલ હોસ્પીટલમાં લઈ ગયેલો. જેથી ડોકરટે ટાંકા લેવા પડશે તેમ જણાવેલ હતું અને ત્યારબાદ મારા દિકરાને ટાંકા લીધેલા અને ફરીયાદ મે આપેલ હતી. હવે હુ કહુ છુ કે મે ફરીયાદ આપવાનુ કહેલુ પરંતુ મારા દિકરાને જણાવેલ કે

તે ફરીયાદ આપશે જેથી મારા દિકરાએ આ બનાવની ફરીયાદ આપેલ હતી. મારા દિકરાને મારનાર આરોપી યશ આજરોજ કોર્ટમાં હાજર છે જેઓને હુ ઓળખુ છુ.

બચાવપક્ષે આરોપીના વિ.વ.શ્રીએ કરેલ ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વિકાર કરેલો છે કે, એ વાત ખરી છે કે ફરીયાદી મારો દિકરો થાય છે. એ વાત ખરી છે કે જે તે સમયે હુ મારા ઘરે હતો જેથી બનાવ થતા મે નજરે જોયેલ નથી. એ વાત ખરી છે કે પોલીસે મારી કોઈ પુછપરછ કરેલ નથી.

**(૧૨)** ફરીયાદપક્ષે આંક–૧૨ થી સાહેદ મેહુલભાઈ હસમુખભાઈ વસાવાને તપાસેલ છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, આશરે દોઢેક વર્ષ અગાઉ હાઉસીંગ બોર્ડમા આવેલ સંજીવની હોસ્પીટલમાં આશરે પાંચ છ વાગ્યાની આસપાસ બનેલો. તે દિવસે મારા બનેવી વિકાસ હુ બીમાર હોય મને દવાખાને લઈ ગયેલા. હુ દવાખાનામાં હતો અને મારા બનેવી બહાર બેસેલા હતા તે વખતે બહાર લડાઈ થયેલી. આ યશભાઈ અને મારા બનેવી વચ્ચે લડાઈ થયેલી હુ તે સમયે બહાર જોવા નીકળેલો મારા બનેવીને માથામાંથી લોહી નીકળતુ હતુ. આ યશભાઈએ કંઈ મારેલુ. શુ મારેલુ તે મને ખબર નથી પછી મારા બનેવી સાથે પોલીસ સ્ટેશનમા કેસ લખાવવા ગયેલા. પછી મારા બનેવીને પટેલ હોસ્પીટલમાં સારવાર માટે લઈ ગયેલા. મારા બનેવીની ત્યાં સારવાર કરાવેલી. આ બનાવ મે નજરે જોયેલ નથી. આ આરોપીને જોયેથી ઓળખુ છુ. કે તેઓ આજરોજ કોર્ટમાં હાજર છે.

બચાવપક્ષે આરોપીના વિ.વ.શ્રીએ કરેલ ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વિકાર કરેલો છે કે,એ વાત ખરી છે કે પોલીસે મારી કોઈ પુછપરછ કરેલ નથી. એ વાત ખરી છે કે મારા બનેવી વિકાસ અને યશભાઈ વચ્ચે સામાજીક તકરારો ચાલે છે.

**(૧૩)** ફરીયાદપક્ષે આંક– ૧૩થી સાહેદ મીતેશભાઈ રમેશભાઈ વસાવાને તપાસેલ છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, બનાવ આશરે બે વર્ષ

અગાઉ બનેલો. આ બનાવ સંજીવની કલીનીકમાં સાંજના સમયે બનેલો. બનાવ વખતે હુ મારા ઘરે હતો મારા ઉપર વિકાસનો ફોન આવેલો કે મને મારેલો છે અને લડાઈ થયેલ છે તેથી હુ વિકાસના પપ્પાને લઈને સંજીવની કલીનીક ઉપર ગયેલો. ત્યાં જોયુ તો ત્યાં વિકાસ અને તેનો સાલો મેહુલભાઈ ત્યાં હાજર હતા અને તેને મારીને જતા રહેલા. વિકાસ અને તે લોકો વાત કરતા હતા ત્યારે કહેતા હતા કે વિકાસને ચાવી મારેલી. ચાવી કોણે મારેલી હતી તે મને ખબર નથી. તે સિવાય હુ બીજુ કંઈ જાણતો નથી. સદર સાહેદને વિ.એ.પી.પી.શ્રી દવારા ફરી ગયેલ જાહેર કરી ઉલટ તપાસ કરવા છતા તેઓએ ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપેલ નથી.

બચાવપક્ષે આરોપીના વિ.વ.શ્રીએ કરેલ ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વિકાર કરેલો છે કે,એ વાત ખરી છે કે પોલીસે મારી કોઈ પુછપરછ કરેલ નથી. એ વાત ખરી છે કે ફરીયાદી તથા આરોપી વચ્ચે સામાજીક તકરાર ચાલે છે.

**(૧૪)** ફરીયાદપક્ષે આંક– ૧૪થી સાહેદ ડોકટર અજીતકુમાર રામઆશીષ સીંગને તપાસેલ છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, હુ છેલ્લા ૪ વર્ષથી એ.કે.પટેલ હોસ્પીટલમાં સર્જન ડોકટર તરીકે ફરજ બજાવુ છુ. મારી પાસે એમ.એસ.ની ડીગ્રી ઘરાવુ છુ. હુ મારી ફરજ દરમ્યાન હાજર હતો ત્યારે તા. ૦૪/૦૭/૨૦૨૪ના રોજ એક દર્દી વિકાસ વિક્રમ વસાવા, ઉ.વ. ૧૮ આવેલ તેને પટેલ હોસ્પીટલમાં આઈ.સી.યુ. વોર્ડમાં દાખલ કરવામાં આવેલ હતો. જેને જોતા આરોપીએ ડાબી બાજુ આંખની ઉપર આવેલ આઈબ્રો ઉપર ઈજા થયેલ હોવાનુ જણાવેલ તેને વધુમાં જણાવેલ કે આ દર્દીના સાળુભાઈ હતા તેને બીજા અજાણ્યા સાધનથી તા. ૦૪/૦૭/૨૦૨૪ની આસપાસ સમય આશરે ૭:૦૦ પી.એમ. ડોકટર ઓમકાર ડોડીયાના કલીનીક સુરની ભાગોળ, ભાથીજી મંદીર, અંકલેશ્વર દર્દીને ઉપરોકત ફરીયાદ સાથે દાખલ કરેલ. જેની ઈજા જોતા તેને ૧.૫ × ૦.૫ સે.મી.નો ઘા પડેલો. જેના મે

ટાંકા લીધેલા. ત્યારબાદ મે સારવાર આપેલ હતી તે મુજબનુ સર્ટીફીકેટ મે આપેલ હતુ. તેમા મારી સહી છે જે સહી હુ ઓળખી બતાવુ છુ. જેને રજુ દાખલ આંક–૧૫ આપવામાં આવે છે. આ ઈન્જરી મુજબ દર્દીને સારવારમાં રીકવરી આવતા બે થી ત્રણ દિવસ લાગે છે. આ ઈજા સામાન્ય પ્રકારની છે.

બચાવપક્ષે આરોપીના વિ.વ.શ્રીએ કરેલ ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વિકાર કરેલો છે કે, એ વાત ખરી છે કે કોઈ માણસ ગાડી પરથી પડી જવાથી આવી ઈજા થઈ શકે. એ વાત ખરી છે કે દર્દી પોલીસ યાદી વગર આવેલ હતા. એ વાત ખરી છે કે મે મારા સર્ટીમાં કેટલા ટાંકા લીધેલા તે જણાવેલ નથી. એ વાત ખરી છે કે આ સર્ટીમા ઈજા કરનારનુ નામ પણ જણાવેલ નથી. એ વાત ખરી છે કે સર્ટીફીકેટમાં રિસપેકટેડ સર સિવાય બીજુ કંઈ લખેલ નથી.

**(૧૫)** ફરીયાદપક્ષે આંક–૧૬ થી ત.ક.અમલદાર માવજીભાઈ નાગજીભાઈને તપાસેલ છે. તેઓ તેમની જુબાનીમા જણાવે છે કે, ''ગઈ તા. ૦૪/૦૭/૨૦૨૪ ના રોજ અંકલેશ્વર એ ડીવીઝન પો. સ્ટેશન ખાતે હે.કો. તરીકે ફરજ પર હાજર હતા ત્યારે ટેલીફોનીક વર્ધી પી.એસ.ઓ.ને વર્ધી મળતા તેઓએ અમોને જાણ કરતા અમોએ આ કામના ફરીયાદીની ફરીયાદ વિગત મુજબ તા. ૦૪/૦૭/૨૦૨૪ ના આશરે સાતેક વાગ્યાના અરસામાં ફરીયાદીને તેના સાળાને સ્વાશની બીમારી હોવાથી તેને દવાખાને લઈ ગયેલો તે દરમ્યાન આ કામના આરોપી સંજીવની દવાખાને ગુજરાત હાઉસીંગ બોર્ડ ખાતે આવેલ ફરીયાદી સાથે ગાળાગાળી કરી ફરીયાદીને કપાળના ભાગે આરોપીએ તેના હાથમાં રહેલ મો.સા.ની ચાવી મારી કપાળના ભાગેથી લોહી કાઢી નાખી અને જાનથી મારી નાંખવાની ધમકી આપેલ તે મુજબની ફરીયાદ અમોએ નોંધેલ. કોર્ટના રેકર્ડમાંથી આંક–૭ વાળી ફરીયાદ બતાવતા તેમા ફરીયાદ લેનારમાં રૂબરૂ તરીકે મારી સહી છે જે હુ ઓળખુ છુ અને તેમા ફરીયાદીની સહી છે. ત્યારબાદ અમોને ગુનો રજીસ્ટર કરવા માટે યાદી કરેલ જે યાદી આજરોજ અસલ રજુ કરુ છુ તેમા મારી સહી છે જે હુ ઓળખુ છુ જેને રજુ દાખલ આંક–૧૭ આપવામાં આવે છે. ત્યારબાદ આ કાસની આગળની તપાસ

અમોને સોંપતા તે અસલ ડેપ્યુટ હુકમ આજરોજ રજુ કરુ છુ તેમા પી.એસ.ઓ. રમેશભાઈ બચુભાઈની સહી છે જે હુ ઓળખતો હોવ તેને રજુ દાખલ આંક–૧૮ આપવામાં આવે છે તેમજ સદર કેસની ગુનાવાળી જગ્યાનુ પંચનામુ અમોએ કરેલુ જે કોર્ટના રેકર્ડમાંથી આંક–૯ વાળુ પંચનામુ બતાવતા જેમાં પંચોની સહી છે અને રૂબરૂ તરીકે મારી સહી છે જે હુ ઓળખુ છુ તેમજ આ કેસને લગતા વળગતા સાહેદોના નિવદનો લીધેલા. મેડીકલ સર્ટી અમોએ મેળવેલુ. આરોપીની અટક પણ અમોએ કરેલી અને તપાસના અંતે ગુનો બનતો હોચ તે અંગેનુ ચાર્જશીટ અમોએ કરેલુ. આરોપીને જોચેથી ઓળખી શકુ જે આજરોજ કોર્ટમાં હાજર છે.

બચાવપક્ષે આરોપીના વિ.વ.શ્રીએ કરેલ ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વિકાર કરેલો છે કે, એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યા લોકોની અને વાહનોની સતત અવર જવર વાળો વિસ્તાર છે. એ વાત ખરી છે કે સદર ગુનાના કામે જે સાહેદો છે તે ફરીયાદીના ઓળખીતા સગા છે. એ વાત ખરી છે કે આ કામે જે ફરીયાદ છે તે મારા રૂબરૂ લેવામાં આવેલી છે અને તપાસ પણ મે કરેલી છે. એ વાત ખરી છે કે હાઉસીંગ બોર્ડમાં કોઈ સંજીવની હોસ્પીટલ આવેલી નથી. એ વાત ખરી છે કે ફરીયાદી આજે પણ ત્યાંજ રહે છે. એ વાત ખરી છે કે ફરીયાદીએ કોળ ગાળો લખાવેલ નથી. એ વાત ખરી છે કે તપાસના કામે મે કોઈ વધારાનુ નિવેદન લીધેલ નથી. એ વાત ખરી છે કે પોલીસ સ્ટેશનમાં થી સારવાર માટે કોઈ યાદી મેળવેલ નથી. એ વાત ખરી છે કે ગુજરાત હાઉસીંગ બોર્ડના કોઈ સાહેદોના નિવેદનો લીધા નથી. એ વાત ખરી છે કે મે આ કામે સ્વતંત્ર સાહેદોના જવાબ લીધેલા નથી. એ વાત ખરી છે કે ફીરચાદી અને આરોપી વચ્ચે ફેમીલી તકરાર ચાલે છે.

**<u>પુરાવાનું પૃથ્થકરણ :–</u>**

**(૧૬)** આમ, ઉપરોકત વિગતે ફરીયાદપક્ષે રજુ થયેલ લેખીત, મૌખીક પુરાવો તથા કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લઈ પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો, આ કામના આંક–૬ થી ફરીયાદીને તપાસવામાં આવેલા છે. તેઓ તેમની જુબાનીમાં આરોપીએ તેઓને જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોવાનુ તેમજ આરોપીએ તેના બાઈકની ચાવી આંખ ઉપર કપાળના ભાગે ડાબી બાજુ મારી દિધેલ હોવાનુ જણાવે છે પરં

તુ સદર સાહેદ એવુ સ્વિકારે છે કે તેઓ બાઈક પરથી પડી ગયેલા તેથી તેઓને વાગેલુ હતું. આ બનાવ બન્યા બાદ પણ તેઓ તેમનુ રોજીંદુકામ સરળતાથી કરી શકે છે. તેઓની પત્ની અને યશની પત્ની વચ્ચે તકરાર ચાલે છે. આમ, આ ફરીયાદીના પુરાવા પરથી આરોપીએ તેઓને બાઈકની ચાવી વડે આંખ ઉપર કપાળના ભાગે ડાબી બાજુ મારી ઈજા પહોચાડેલ હોવાનુ જણાય આવતુ નથી કેમ કે આરોપી ઉલટ તપાસમાં સ્વિકારે છે કે તેઓ બાઈક પરથી પડી ગયેલા તેથી તેઓને વાગેલુ હતુ. વધુમાં આંક–૮ અને ૧૦ થી તપાસેલ પંચ સાહેદો હોસ્ટાઈલ જાહેર થયેલ છે તેઓએ પંચનામાની વિગતોને સમર્થન આપેલ નથી. આંક–૧૧ થી તપાસેલ સાહેદની જુબાની ઉલટ તપાસ સહિત વંચાણે લેવામાં આવે તો તેઓ જે તે સમયે તેઓ તેમના ઘરે હતા જેથી બનાવ થતા તેઓએ નજરે જોયેલ ન હોવાનુ જણાવે છે. આંક–૧૨ થી તપાસેલ સાહેદની જુબાની ઉલટ તપાસ સહિત વંચાણે લેવામાં આવે તો તેઓ યશભાઈએ કંઈ મારેલુ. શું મારેલુ તે તેઓને ખબર ન હોવાનુ તેમજ બનાવ તેઓએ નજરે જોયેલ ન હોવાનુ જણાવે છે તેમજ તેઓના બનેવી અને યશભાઈ વચ્ચે સામાજીક તકરાર ચાલતી હોવાની અને પોલીસે તેઓની કોઈ પુછપરછ કરેલ ન હોવાની હકીકત સ્વિકારે છે. વધુમાં આંક–૧૩ થી તપાસેલની જુબાની ઉલટ તપાસ સહિત વંચાણે લેવામાં આવે તો તેઓ ચાવી કોણે મારેલી હતી તે તેઓને ખબર ન હોવાનુ જણાવે છે તેમજ પોલીસે તેઓની કોઈ પુછપરછ કરેલ ન હોવાની અને ફરીયાદી તથા આરોપી વચ્ચે સામાજીક તકરાર ચાલતી હોવાની હકીકત સ્વિકારેલ છે. વધુમાં આંક–૧૪ થી તપાસેલ સાહેદ આરોપી તેમની પાસે સારવાર લેવા આવેલ હોવાનુ અને આરોપીને થયેલ ઈજાનુ વર્ણન કરી આરોપીને સારવાર આપી તેઓએ મેડીકલ સર્ટીફીકેટ આપેલ હોવાનુ તેમજ ઈજા સામાન્ય પ્રકારની હોવાનુ જણાવેલ છે તેમજ એ હકીકતનો સ્વિકાર કરે છે કે કોઈ માણસ ગાડી પરથી પડી જવાથી આવી ઈજાઓ થઈ શકે છે. આ સર્ટીમા ઈજા કરનારનું નામ પણ જણાવેલ નથી. વધુમાં આંક–૧૬ થી તપાસેલ સાહેદ પોતે કરેલ તપાસ કાર્યવાહી અનુરુપ પુરાવો આપેલ

છે અને એવુ સ્વિકારે છે કે, બનાવવાળી જગ્યા લોકોની અને વાહનોની અવર જવર વાળો વિસ્તાર છે. સદર ગુનાના કામે જે સાહેદો છે તે ફરીયાદીના ઓળખીતા સગા છે. હાઉસીંગ બોર્ડમાં કોઈ સંજીવની હોસ્પિટલ આવેલી નથી. ફરીયાદીએ કોઈ ગાળો લખાવેલ નથી. ફરીયાદી અને આરોપી વચ્ચે ફેમીલી તકરાર ચાલે છે. આમ, રેકર્ડ પરનો સમગ્ર પુરાવો જોતા હાલના કામના આરોપીએ ફરીયાદીને ઈજા પહોચાડેલ હોય તેવુ જણાતુ નથી ફરીયાદી ખુદ સ્વિકારે છે કે તેઓ બાઈક પરથી પડી ગયેલા તેથી તેઓને વાગેલુ હતુ. વધુમાં આ કામે ફરિયાદીએ પોતાની ફરીયાદમા  કે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં (આંક–૬) માં કયા શબ્દોમાં ફરિયાદીને ગાળો આપેલ તે શબ્દો રેકોર્ડ ઉપર આવતા નથી.  આમ, હાલના કામે ચોકકસ કયા શબ્દોમાં આરોપીએ ગાળો આપેલ તે શબ્દો જ રેકોર્ડ ઉપર આવેલ નથી.  વધુમાં, આ કામના ફરિયાદ પક્ષે આરોપી વિરૂઘ્ઘ એવો આક્ષેપ કર્યો છે કે તેઓને બનાવ વખતે મારી નાખવાની ધમકી આપેલ. આ સંદર્ભે જોઈએ તો ફરિયાદીએ પોતાની ફરિયાદમાં તથા જુબાનીમાં ફરિયાદી ભય હેઠળ રહેલ હોય અને તે ભય સતત ચાલુ હોય અને તેના લીધે ફરિયાદીએ પોતાની રોજીંદી કામગીરી કરી શકેલ ન હોય તેવી કોઈ હકીકત રેકોર્ડ ઉપર આવતી નથી.આમ, હાલના કામે ફરિયાદીને જાનથી મારી નાખવા ધમકી આપવામાં આવેલ હોય તે કારણસર ફરિયાદી ભય હેઠળ આવેલ હોય તેમજ તેમના ફરજ ઉપર અથવા કામગીરી ઉપર અસર પડેલ હોય અને ભયની ઘંટડી સતત ચાલુ રહેલ હોય તેવી કોઈ હકીકત રેકોર્ડ ઉપર આવેલ નથી. ફરીયાદી તથા સાહેદોની જુબાની લક્ષમાં લેવામાં આવે તો આરોપીને સજા કરી શકાય તેવો પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી તેમજ આરોપીએ સદર કહેવાતો ગુનો આચરેલ હોય તે સંબંધી વ્યાજબી શંકાથી પર પુરવાર થતો નથી. આરોપી સામે આક્ષેપીત ગુન્હાના તત્વો પુરવાર થતા નથી.  હાથ પરના કેસમાં રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ઘ્યાને લેતા તેમજ કેસની હકીકત, સંજોગો તથા થયેલ દલીલો ઘ્યાને લેતા ફરીયાદ હકીકત મુજબનો ગુનો બનેલ હોય તેવું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી તેમજ

ફરીયાદ પક્ષ આરોપીને ગુન્હા સાથે સાંકળતો કોઈ સીધો કે પ્રાથમિક પુરાવો રેકર્ડ ઉપર રજુ કરી શકેલ નથી કે એવી કોઈ ક્રમબધ્ધ પુરાવાની અતુટ સાંકળ રચાતી નથી કે જેના કારણેઆરોપીને ગુન્હા સાથે સાંકળી શકાય તેમજ એવો કોઈ સાંયોગિક પુરાવો પણ રેકર્ડ ઉપર રજુ થયેલ નથી. આથી, મુદા.નં.૧ નો જવાબ નકારમાં આપી, મુદૃા નં.૨ અંગે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**–:: <u>હુકમ</u> ::–**

(૧) આ કામના આરોપી **યશભાઈ હસમુખભાઈ ઉર્ફે અશોક વસાવા** નાઓને બી.એન.એસ.એસ. કલમ–૨૭૧(૧) અન્વયે ભારતીય ન્યાય સંહિતાની કલમ– ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૨) મુજબના શિક્ષાપાત્ર ગુના અંગેના તહોમતમાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧ અન્વયે આરોપીએ અપીલ સમય સુધી જામીન રજુ રાખવાના રહેશે.

આ હુકમ આજરોજ તારીખ: ૨૩મી, માહે. જુન, સને: ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં મારી સહી કરી વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ: અંકલેશ્વર
તા.૨૩/૦૬/૨૦૨૬

**(મિતેષકુમાર કિરીટકુમારમહેતા)**
બીજા એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ
અંકલેશ્વર
જી. જે. કોડ નં. ૦૧૨૨૫

(GUJ.STENO H.S.VALA.)
ANKLESHWAR